**રિલીફ બોન્ડસની સામે જ લોન મળશે.**

**14 ડિસેમ્બર, 2002**

અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ રિલીફ બોન્ડસની સામે લોન માન્ય રાખવાની મંજૂરી આપી છે.

ધી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અહીં સ્પષ્ટતા કરે છે કે, ભારત સરકારની સૂચના મુજબ બેંકોને રિલીફ બોન્ડસની સામે જ લોન આપવાની મંજૂરી આપી છે. આ સુવિધા સાત ટકાના સેવિંગ્ઝ બોન્ડસ, 2002 સામે મળશે નહીં, જે નવી સ્કિમ ઓકટોબર 2002માં શરૂ થઇ છે.

આ વર્ષે પહેલી ઓકટોબરથી શરૂ કરવામાં આવેલા સાત ટકાના સેવિંગ્ઝ બોન્ડસ 2002ના આધારે બેંક, ફાયનાન્સિયલ ઇન્સ્ટીટયુશન અને નોન બેંકિગ ફાયનાન્સિયલ ઇન્સ્ટીટયૂશન પાસેથી લોન મળવા પાત્ર ગણાશે નહીં. આઠ ટકાના રિલીફ બોન્ડસ, 2002 ની માફક સાત ટકાના સેવિંગ્ઝ બોન્ડસમાં રોકાણ માટેની ઉપરી મર્યાદા નથી. આ બંને પ્રકારના બોન્ડસની વ્યાજની આવક ઇન્કમટેક્ષ અને સેલ્સટેક્ષમાં બાદ મળે છે.

**અલ્પના કિલાવાલા**
**મહાપ્રબંધક**

**પ્રેસ રિલીઝ : 2002-03/622**